સ્વાશ્રયી મહિલા સેવા સંઘ
SELF EMPLOYED WOMEN'S ASSOCIATION (SEWA)
Sewa Reception Centre, Opp. Victoria Garden, Bhadra, Ahmedabad-380001.
Phone : 079-5506477, 5506444, Fax : 079-5506446
E-mail : sewamahila@wilnetonline.net
websight : www.sewa.org

# આવેદનપત્ર

ગુજરાતના ૧,૫૦,૦૦૦ અને અમદાવાદ શહેરના ૧૫,૦૦૦ બીડી કામદારોને માટે ૧૯૭૭ થી પ્રોવિડન્ડ ફંડ કાયદો હોવા છતાં તેમને પ્રો.ફંડ નીચે આવરી લેવાયા નથી. સહુથી પહેલા જ્યારે, કોઈ કાયદો ન હતો ત્યારે, ગુજરાતમાં બીડીની ફેકટરીઓ હતી જ્યાં કામદારો માલિક-નોકર તરીકે ત્યાં બેસીને બીડી બનાવતાં હતાં. ૧૯૫૭ માં ફેકટરી એકટ આવતાં આ કામની પધ્ધતિ બદલાઈ. બીડીની ફેકટરીઓ બંધ થઈ અને માલિકોએ કામદારોને ઘરે કામ આપવાનું શરૂ કર્યું. બધા જ બીડી કામદારો ઘરખાતા બીડી કામદારો બન્યા. ત્યારે પણ લોગબુક, વગેરે આપતાં. ત્યારબાદ બીડી એન્ડ સીગાર વર્કર્સ એકટ તેમજ વેલ્ફેર એકટ આવતાં આ બધું જ આપવાનું બંધ થઈ ગયું.

તેમાં પણ જીવરાજ બીડી વર્કસ જેવાએ ખોટી પાર્ટનરશીપ ફર્મ બનાવી ખરીદ-વેચાણ પધ્ધતિ શરૂ કરી આનાથીતો આટલા બધા કાયદાઓ હોવા છતા બીડીકામદારો તેમને મળતા લાભોથી વંચિત થયા.

સેવાએ પહેલ કરી ૧૫૪ બીડી કામદારો માટે પ્રો. ફંડનો કેસ કર્યો. આ સંઘર્ષ છેલ્લા ૧૭ વર્ષથી ચાલી રહ્યો છે. આ તો એક ટેસ્ટ કેસ છે. આના કારણે, આખા અમદાવાદ શહેરના કામદારોનું કામ બે મહિના બંધ રહ્યું. પછી શરૂ થયું તે પણ કોન્ટ્રાકટરો દ્વારા, ખરીદ - વેચાણ પધ્ધતિથી કે જેનાથી માલિક - નોકરનો સબંધ હોવા છતાં, કોઈ માલિક - નોકરનો સંબંધ જ સ્થાપિત ના થાય એવા ગેરવ્યાજબી પગલાં લીધાં. આ હજારો કામદારો જેમાંથી ૯૮ % તો સ્ત્રી કામદારો છે. તેમના ભવિષ્યની સલામતીનું શું ? આથી અમે આપ સમક્ષ માંગીએ છીએ કે :

૧. હાલમાં જીવરાજબીડી વર્કસ ના બંધ કામદારો કે જેમનો પી.એફના કેસમાં સામવેશ થાય છે. તેમને જીવરાજબીડી વર્કસ દ્વેષભાવથી અનફેર લેબર પ્રેકટીસથી કામ આપવાનું બંધ કર્યું છે. તેમને પુન : સ્થાપિત કરવા. તેમની સામે જે કાયદાકીય કાર્યવાહી કરવાની હોય તે માટે મજૂર કમિશ્નરશ્રીની ઓફીસથી તાત્કાલીક તપાસ કરાવી ૪.૧૦.૯૯ થી કામ બંધ કર્યા છે ત્યારથી તેમને પુન : સ્થાપિત કરાવશો.
૨. બીડી કામદારોને કાયદા મુજબ પ્રો.ફંડ મળે.
૩. સરકાર આ નવી પધ્ધતિ ખરીદ-વેચાણની ગેરકાનૂની પધ્ધતિ હોય તાત્કાલિક રદ કરાવે.
૪. બીડી કામદારોને લઘુત્તમ વેતન અપાવે.

જીવરાજ બીડી વર્કસ તેમજ બીડી માલિકોનાં આ પગલાંથી કામદારોની રોજી છીનવાઈ ગઈ છે. બંધારણની કલમ ૨૧નો પણ માલિકોએ છડે ચોક ભંગ કર્યો છે. અને આવા પગલાંને અટકાવા અને કામદારોને રોજી મળે, લઘુત્તમ વેતન મળે તેવા પગલાં ભરવાની સરકારની બંધારણીય ફરજ છે. આથી, આ કામદારોને તાત્કાલિક રોજી - રોટી ને લઘુત્તમ વેતન મળે તેવાં પગલાં ત્વરિત ભરવાની અમારી વિનંતી છે.

ઉપરની હકીકતોથી આપ જાણશો કે, ખરીદ-વેચાણ પધ્ધતિ, કોન્ટ્રાકટર પધ્ધતિ તે કહેવાતો કોન્ટ્રાકટર છે. જેને અંગ્રેજીમાં Sham Contract કહે છે. આવા કહેવાતા કોન્ટ્રાકટ, ખરીદ-વેચાણ પધ્ધતિ ને દૂર કરવાની ફરજ પણ સરકારશ્રીની છે. હકીકતમાં મૂળ માલિકજ આ કામદારો પર સંપૂર્ણ અંકુશ ધરાવે છે તેથી, તાત્કાલિક પગલાં લેવા ભાર પૂર્વક વિનંતી છે.